# -: પ્રેસનોટ :-

અમદાવાદ શહેરમાં નશાબંધી કાયદાનુ ચુસ્ત અમલ કરવા સારૂ શહેરના મહત્વના જંકશનો આઈડન્ટીફાઈ કરી ટ્રાફિક પોલીસ દ્વારા ટીમો બનાવી બ્રેથ એનેલાઈઝર નો ઉપયોગ કરી વાહન ચેકીંગનું આયોજન કરવામાં આવેલ અને તેના ભાગ રૂપે કેફી દ્રવ્ય પીને વાહન ચલાવતા વાહન ચાલકો વિરૂધ્ધમાં છેલ્લા બે માસમાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ તેમાં કુલ-૧૨૧ વાહન ચાલકો કેફી દ્રવ્ય પીને વાહન ચલાવતા મળી આવતાં તેઓ વિરૂધ્ધ મોટર વ્હીકલ એક્ટની ક. ૧૮૫ મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે. તેમજ અમદાવાદ શહેરના જુદા-જુદા ચેક પોઈન્ટો ઉપર બ્રેથ એનેલાઈઝર નો ઉપયોગ કરી કેફી દ્રવ્યોનુ સેવન કરી વાહન ચલાવનાર વાહન ચાલકો વિરૂધ્ધ વધુમાં વધુ કાર્યવાહી કરવા સારૂ આ ડ્રાઈવ ૩૧ મી ડીસેમ્બર ૨૦૧૭ તેમજ સને-૨૦૧૮ ના વર્ષમાં ચાલુ રાખવામાં આવનાર છે.

વધુમાં હવેથી ટ્રાફિક નિયમો ની સઘન અમલવારી કરવા તેમજ અકસ્માતોનુ પ્રમાણ ઘટાડવા ટ્રાફિક પોલીસના બીટ ઈન્ચાર્જ, તમામ મ.સ.ઈ. અને તમામ આસી.બીટ ઈન્ચાર્જ નાઓ દ્વારા ટ્રાફિક એન્ફોર્સમેન્ટ/સ્પોટ ફાઈનની કાર્યવાહી કરવામાં આવનાર છે.

તા.૩૦/૧૨/૨૦૧૭.

( એ.એમ.પટેલ )
મદદનીશ પોલીસ કમિશ્નર
ટ્રાફીક વહીવટ, અમદાવાદ શહેર